# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ (ડાંગ)

NAVSARI AGRICULTURAL UNIVERSITY

જા.નં. નકૃયુ/કેવિકે/કે-૭/ 73 /૨૦૨૪ વઘઈ (ડાંગ) તા.૨૯/૦૪/૨૦૨૪

ટેન્ડર ફોર્મ નં. .............. રસીદ નં. .................. તારીખ : ........................

## આંબાફાલના વેચાણનું ટેન્ડર ફોર્મ

| ભાવની વિગત | |
|---|---|
| આંબાફાલ વિભાગ: રાજેન્દ્રપુર ફાર્મ<br>ઝાડો નંગ :- ૭૦ | રૂ. (આંકડામાં) ..........................................<br>અંકે રૂપિયા શબ્દોમા :......................................<br>............................................................ |

સ્થળ : કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., વઘઈ (ડાંગ)

તારીખ : /૦૪/૨૦૨૪

ટેન્ડર ભરનારની સહી : ......................................

ટેન્ડર ભરનારનું નામ : ............................................................

પુરૂં સરનામું : ..........................................................................................

..........................................................................................

સંપર્ક નં. ................................

ઈજારદારે હરાજીમાં ભાગ લેવા માટે ભરેલ અનામત રકમ : રૂ.૨,૦૦૦/-

ચેક/ડીમાન્ડ ડ્રાફ્ટથી (નંબર લખવો) : ........................................

### કચેરીના ઉપયોગ માટે

| અ.નં. | કમિટી સભ્યોના નામ અને હોદ્દો | સહી |
|---|---|---|
| ૧ | સહ સંશોધન નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી | |
| ૨ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, પ્રા.બા.સં.કે., ન.કૃ.યુ., નવસારી | |
| ૩ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કૃ.પ્રા.કે., ન.કૃ.યુ., પરીયા | |
| ૪ | સહ સંશોધન વૈજ્ઞાનિક (ફળ), ફ.સં.કે., ન.કૃ.યુ., ગણદેવી | |
| ૫ | મદદનીશ કુલસચિવશ્રી, ન.કૃ.યુ., નવસારી | |
| ૬ | વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કે.વિ.કે., ન.કૃ.યુ., વઘઈ | |

**વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ, જિ.ડાંગમાં આંબાફાલના ઈજારાની ૨૦૨૪-૨૫ ના વર્ષની હરાજીથી વેચાણની શરતો**

..........

૧. વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ, જિ.ડાંગ ખાતેના રાજેન્દ્રપુર ફાર્મ પર આવેલ આંબાની જુદી જુદી જાતો તથા દેશી મળી કુલ ૭૦ ઝાડોમાં ફાલ આવેલ છે. જેનો સીઝનલ ઈજારો આપવાનો છે. જેના ટેન્ડર ફોર્મ ભરવાના રહેશે.

૨. ઉપરોક્ત શરત નં.૧ માં નિર્દિષ્ટ કરેલ વર્ષ ૨૦૨૪-૨૫ માં **આંબાના ફાલની હરાજી તા.૧૦/૦૫/૨૦૨૪ ના સવારે ૧૦-૦૦ કલાકે અસ્પી બાગાયત મહાવિદ્યાલય, પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી ખાતે રહેશે** અને આંબાના ફાલની હરાજીના ઈજારાની મુદ્દત તા.૩૦/૦૬/૨૦૨૪ સુધી રહેશે. મુદ્દતમાં કોઈપણ સંજોગોમાં વધારો કરી શકાશે નહીં.

૩. ઈજારદાર વ્યક્તિ પુખ્ત વયનો હોવો જઈએ અને અસ્થિર મગજનો હોવો જોઈએ નહીં.

૪. ઈજારદારે ઈજારાની રકમ નીચેની વિગતે ભરવાની રહેશે.

(અ) હરાજીમાં ભાગ લેવા માટે ટેન્ડર સાથે અલગથી અનામત પેટે રૂા.૨૦૦૦/-(અંકે રૂપિયા બે હજાર પુરા) અત્રેની કચેરીએ જમા કરાવવાના રહેશે. અને તેજ ઈસમનું ટેન્ડર સ્વીકારવામાં આવશે અને જે ઈસમનું ટેન્ડર મંજુર થશે તેની ઉપરોકત રકમ સાથે હરાજીની રકમના ૧૦% નાણાં NAU KVKs Revolving Fund ના નામનો ડીડી/ચેક/રોકડેથી તાત્કાલીક જમા કરવાના રહેશે જે અનામત પેટે ગણવામાં આવશે. બાકીના ઈજારદારની અનામત તુરંત જ પરત કરવામાં આવશે. અનામતની રકમ ઈજારો પૂર્ણ થયેથી ફાર્મમાં કોઈપણ જાતની નુકશાની નહી થયા બાબતની સદર કેન્દ્રના સંચાલક અધિકારીની સંમતિ મળતા પરત કરવામાં આવશે. અનામતની રકમ પર કોઈપણ જાતનું વ્યાજ આપવામાં આવશે નહીં.

(બ) ઈજારાની પૂરેપૂરી રકમ ઈજારો મંજુર થયેથી તા.૨૦/૦૫/૨૦૨૪ સુધીમાં બપોરે ૧૨:૦૦ કલાક પહેલાં ચેક/ ડીડીથી અત્રેની કચેરી ખાતે જમા કરાવવી પડશે. સંપૂર્ણ રકમ ભરાયા બાદ જ ઈજારાનો માલ વેડવા દેવામાં આવશે. તેમછતાં ખાસ કેસ તરીકે ઉપરોકત મુદ્દતમાં વધુમાં વધુ ૧૫ (પંદર) દિવસની મુદ્દત વધારી શકાશે અને વધારાના પંદર દિવસનું યુનિવર્સિટીના નિતિ-નિયમ પ્રમાણે વ્યાજ ગણી ઈજારાની કુલ રકમ સાથે જ અત્રેની કચેરીમાં ભરવાની રહેશે. આમ, રકમ ભરાયા બાદ જ ઈજારાનો માલ વેડવા દેવામાં આવશે. સદરહુ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫. ઉપર જણાવેલ ઈજારાની રકમ જમા કરાયા બાદ અત્રેના કેન્દ્ર તરફથી દાખલો લખી આપવામાં આવશે ત્યારબાદ ઈજારદાર કેરી ઉતારવાની શરૂઆત કરી શકશે.

૬. ઉપર જણાવેલ રકમ ઉપર લખેલ મુદ્દતમાં જમા કરાવવામાં નહીં આવશે તો ઈજારો રદ્દ કરવામાં આવશે તેથી નવસારી કૃષિ યુનિવર્સિટીને જે કોઈ નુકશાન થયેલ હશે તે ઈજારદારે ભરપાઈ કરવાનું રહેશે. આ નુકશાન ઉપરોક્ત અનામતની રકમમાંથી ભરપાઈ કરવા આ સંસ્થા કાયદેસરના પગલાં લેવા હક્કદાર રહેશે અને તેમાં ઈજારદારની કોઈ તકરાર ચાલશે નહીં.

૭. શરત નં.૪-બ મુજબ જો ઈજારાની પુરેપુરી રકમ સમયસર ભરવામાં ન આવશે તો ઈજારાદારની અનામત જપ્ત કરવામાં આવશે. અને ત્યારબાદ કમિટી દ્વારા યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

૮. ઈજારો મંજુર રાખવો કે નહીં તેની સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની રહેશે વળી હરાજીમાં રાખેલ માલ ઉપર સરકારી કે પંચાયતના કોઈ પણ પ્રકારના ટેક્ષ કે વેરા ઈજારાદારને શીરે રહેશે.

૯. ફળ ઉતારતાં કોઈપણ માલ, મકાન, ઝાડપાન વગેરેને નુકશાન ન થાય તેની કાળજી ઈજારદારે રાખવાની રહેશે. ઝાડના લીલા કે સુકા લાકડા તેમજ પાંદડા ઉપર ઈજારાદારનો કોઈ પણ હક રહેશે નહીં. નવસારી કૃષિ યુનિવર્સિટીને કોઈપણ જાતનું નુકશાન કરશે તો સંસ્થાને વ્યાજબી લાગશે તો તે નુકશાનની રકમ વસુલ કરવામાં આવશે. ઈજારદાર કે તેમના માણસોએ સંસ્થાના મુખ્ય દરવાજેથી માલની હરેફેર કરવાની રહેશે.

૧૦. સદરહુ ફાર્મમાં ઈજારાદાર તરફથી જે રખેવાળ કે પ્રતિનિધિ રાખવામાં આવશે તેના નામ, સરનામા, ફોટા સહિત કેન્દ્ર સંચાલકશ્રીને લેખીતમાં રજુ કરવાના રહેશે. જે તે શખ્સનું વર્તન નવસારી કૃષિ યુનિવર્સિટીના હિતને નુકશાન કરતા જણાશે તો તેવા માણસોને કેન્દ્રના સંચાલક તરફથી લેખીત જાણ થશે તેજ દિવસે દુર કરવાના રહેશે અને તેવા માણસોને ફાર્મમાં દાખલ થવા દેવામાં આવશે નહીં. જે તે કેન્દ્રના વડાની સંમતિ મેળવ્યા સિવાય કોઈપણ મજુરોને ઈજારદારે કામ પર લેવા નહી.

૧૧. કોઈપણ કુદરતી આફત અગર કોઈ બીજી આસમાની સુલતાનીથી હરાજી કરેલ ઝાડના ફાલને કોઈપણ નુકશાન થશે તો તેની જે તે સંસ્થા કે યુનિવર્સિટીની કોઈપણ જવાબદારી રહેશે નહીં.

૧૨. ઈજારદાર શરત નં.૧ માં જણાવેલ પ્લોટ સિવાયના કોઈપણ પ્લોટ માંથી કોઈપણ ફળઝાડ પરથી ફળો ઉતારી શકશે નહીં. આ શરતનો ભંગ થયેથી શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

૧૩. કોઈપણ રોગવાળા ઝાડના પાન કે નડતર ઝાડના પાન કે ડાળી કાપવામાં આવે કે તેના ઉપર દવાનો છંટકાવ કરવામાં આવે તો ઈજારદાર વાંધો લઈ શકશે નહીં.

૧૪. ફળો ફાર્મની બહાર લઈ જવા માટે જે ઝાડોના ફળો ઉતાર્યા હોય તેની ગણતરી કે વજનની નોંધ ફરજિયાત પણે પ્રથમ ગેટપાસમાં કરાવવાની રહેશે. જે વિભાગમાં સંશોધન માટેના અખતરાના ઝાડ છે તે ઝાડ કે વિભાગના ફળો સંસ્થાના કર્મચારીની હાજરીમાં ઉતારવાના રહેશે અને જો તેમ નહીં કરવામાં આવશે તો નુકશાની પેટે અનામતમાંથી વસુલ કરવામાં આવશે.

૧૫. માલ ઉતારવાનો સમય સવારે ૮:૦૦ થી ૧૨:૦૦ અને બપોરે ૨:૦૦ થી ૫:૦૦ વાગ્યા સુધીના રહેશે તે સિવાયના તથા રજાના સમયમાં માલ ઉતરાવાનો હોય તો જે તે વિભાગના વડાની મંજુરી મેળવવાની રહેશે.

૧૬. જુદી જુદી જાતોના કરવામાં આવેલ સંકરણ ફળો તેમજ પ્રયોગો અને જુદી જુદી જાતોના ફળોની લેબોરેટરી ટેસ્ટ, પ્રદર્શન માટેના દરેક જાતોના ઝાડના ૧૦-૧૦ ફળો વિના મુલ્યે ઈજારદારે યુનિવર્સિટીને આપવાના રહેશે. દરેક ફળોનું વજન અને સંખ્યા નોંધાવવી પડશે.

૧૭. આ અંગેની કોઈપણ જાતની તકરાર, મુશ્કેલી કે મુદ્દો ઉભો થાય તે અંગે નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી જે નિર્ણય કે ચુકાદો આપવામાં આવશે તે ઈજારદારે માન્ય રાખવો પડશે.

૧૮. હરાજી સમયે જેણે ઈજારો રાખ્યો હોય તે બીજા કોઈપણ ઈસમને ઈજારો આપી શકશે નહીં.

૧૯. આંબાના પરિપક્વ ફળો બેડીની મદદથી ઉતારવાના રહેશે. અપરિપક્વ ફળો તોડતા જોવામાં આવશે તો ફળો ઉતારવાનું કેન્દ્ર વ્યવસ્થાપકશ્રી, તરફથી અટકાવવામાં આવશે. ડાળીઓ હલાવી કે લાંબા વાસથી ઝુડીને કે બીજા અન્ય અયોગ્ય પધ્ધતિથી ફળો ઉતારવા દેવામાં આવશે નહીં.

૨૦. આંબા ફાલની હરાજી થયાની તારીખથી આંબા ફાલ સાચવવાની જવાબદારી ઈજારદારની રહેશે.

૨૧. જે ઝાડો ઉપર સંકરણના પ્રયોગ કરવામાં આવે છે તેમજ કલમો બાંધવામાં આવે છે તેને નુકશાન ન થાય કે બગાડ ન થાય તેની તકેદારી ઈજારદારે રાખવાની રહેશે. જો તે નુકશાન થયેલ જણાશે તો ડીપોઝીટની રકમ શરત નં.૪ (અ) માંથી વસુલાત કરવામાં આવશે.

૨૨. સંસ્થા કે ફાર્મ જે ઝાડ પસંદ કરે તેના ઉપર કલમો બાંધવા દેવાની રહેશે. જેમાં ઈજારદાર કોઈપણ જાતનો વાંધો લઈ શકશે નહીં અને જેનું વળતર પણ આપવામાં આવશે નહીં આવું વળતર મેળવવા ઈજારદાર હક્કદાર પણ નથી.

૨૩. ઈજારો રાખનારે કચેરી નક્કી કરે તે મુજબની શરતો બંધનકર્તા રહેશે અને તે મુજબનું લખાણ રૂા.300-00 ના નોન જયુડીશિયલ સ્ટેમ્પ પેપર ઉપર દિન પંદરમાં લખી આપવાનું રહેશે. રૂા.300-00 ના નોન જયુડીશિયલ સ્ટેમ્પ પેપર ઈજારદારે પોતાના ખર્ચે લાવવાનો અને શરત મુજબ લખી આપવાનો રહેશે.

૨૪. સંજોગોવશાત ઉપરોક્ત શરતોમાં કોઈપણ ફેરફાર યુનિવર્સિટીના સત્તાધિશો તરફથી કરવા પડે તો તે માન્ય રાખવા પડશે અને તે અંગે કોઈ તકરાર ચાલશે નહીં.

૨૫. સંજોગોવશાત જો ઈજારદારે ઈજારો રાખવા ભરેલ રકમ યુનિવર્સિટી સત્તાધિશોના અંદાજ કરતા ઓછી લાગે કે એક કરતાં વધુ ઈસમોની રકમ સરખી હોય વગેરે જેવા સંજોગો ઉપસ્થિત થાય તો તેવા સમયે નિમણૂંક કરેલ કમિટીનો નિર્ણય આખરી રહેશે.

૨૬. કોઈપણ સંજોગોમાં યુનિવર્સિટીના કોઈપણ ફાર્મની પરિસરમાં કેરી પકવવા માટે કેલ્શીયમ કાર્બાઈડનો તથા તેના જેવા રાસાયણિક પદાર્થનો ઉપયોગ કરી શકાશે નહીં.

૨૭. હરાજીના સમયે આવેલ ટેન્ડર દ્વારા આવેલ ભાવ અંદાજિત ભાવ કરતાં ઓછા જણાશે તો હરાજીના દિવસે અને સ્થળે તે જ સમયે જાહેર બોલીથી હરાજી કરવામાં આવશે.

૨૮. ઈજારદારે અનામતના રકમ સાથે પાનકાર્ડની નકલ ફરજીયાત આપવાની રહેશે.

૨૯. જે ઈજારદારનો ઈજારો મંજુર થશે તેમણે પોતાના મજુરોની રહેવાની સગવડ જાતે કરવાની રહેશે.

30. જો ઈજારદાર કાચી અથવા પાકી કેરીનું વેચાણ ફાર્મ સિવાય કેમ્પસ પરિસરમાં કરવી હોય તો તે માટે અલગથી રૂા.૨000/- ડીડી/રોકડથી ભરવાના રહેશે.

૩૧. ઈજારા રાખનાર વ્યકિત દ્વારા ફાર્મ ઉપર રાખવામાં આવેલ મજુરો લડાઈ-ઝઘડા, કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારા રાખનાર વ્યકિતની રહેશે.

૩૨. ઈજારદારે જે તે પ્લોટમાંથી ઉતારવામાં આવેલ કેરીનું અલગ અલગ વજન કરી ફાર્મ પરના અધિકારીને નોંધવાનું રહેશે.

33. ઈજારદાર રાખનારે તેમના જે મજુરો જે તે ફાર્મ ખાતે આવવાના હોય તેમનો આધારકાર્ડની ઝેરોક્ષા નકલ જે તે ફાર્મ ખાતે ફરજીયાતપણે આપવી.

J. B. Dobariya

**વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા**
**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**
**નવસારી કૃષિ યુનવર્સિટી**
**વઘઈ (ડાંગ)**

તારીખ :- ૨૩/૦૪/૨૦૨૪
સ્થળ :- વઘઈ (ડાંગ)

વડા કે.વિ.કે. વરિષ્ઠ વૈજ્ઞાનિક NAVSARI AGRICULTURAL UNIVERSITY વઘઈ (ડાંગ)

# ❧ આંબાફાલની ટેન્ડર હરાજીની જાહેરાત ☙

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ (ડાંગ) હસ્તકના રાજેન્દ્રપુર ફાર્મ ખાતેથી ચાલુ વર્ષ : ૨૦૨૪-૨૫ દરમ્યાન આંબાનો ફાલ ઉતારી લઈ જવાનો ઈજારો આપવાનો છે. રસ ધરાવતી પાર્ટીઓએ ઈજારા માટે **ટેન્ડર ફોર્મ દીઠ રૂ.૬૦૦/- (અંકે રૂપિયા છસો પુરા)** રોકડા ચુકવી અત્રેના કેન્દ્ર ખાતેથી ફોર્મ લઈ જવાનું રહેશે, જે પરત મળવાપાત્ર નથી. અનામતની રકમ રૂ.૨૦૦૦/-(અંકે રૂપિયા બે હજાર પુરા) નો ડીમાન્ડ ડ્રાફ્ટ/ ચેક "NAU KVKs Revolving Fund" ના નામનો અને ભરેલ ભાવપત્રક જરૂરી દસ્તાવેજ સાથે બંધ કવરમાં તા.૦૯/૦૫/૨૦૨૪ સુધીમાં કચેરી સમયમાં રૂબરૂ કે ટપાલથી પહોંચતા કરવાના રહેશે. અનામત રકમ વગરના ટેન્ડર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. આવેલ ભાવપત્રકો તા.૧૦/૦૫/૨૦૨૪ ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે જે પણ હાજર હોય એ ઈજારદારોની હાજરીમાં યુનિવર્સિટીએ નિયુક્ત કરેલ કમીટી સમક્ષ **અસ્પી બાગાયત મહાવિદ્યાલય, પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી ખાતે** ખોલવામાં આવશે. ઈજારાની બાકીની શરતો અસ્પી બાગાયત મહાવિદ્યાલય, પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી ફાર્મ ખાતેથી વાંચવા મળશે.

J. B. Dobariya

**વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા**
**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**
**નવસારી કૃષિ યુનવર્સિટી**
**વઘઈ (ડાંગ)**

તારીખ :- ૨૩/૦૪/૨૦૨૪
સ્થળ :- વઘઈ (ડાંગ)

(Stamp: વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા કે.વિ.કે., ન.કૃ.યુ., વઘઈ (ડાંગ) — NAVASARI AGRICULTURAL UNIVERSITY)